વડીલોને વંદન અભિનંદન

નટવરલાલ પુંજાલાલ ગજ્જર
(૧૯૩૯)ફોન: ૨૩૨૨૮૧૬૦

આજે ધોરણ-૧૨ સાયન્સ સેમેસ્ટર-૩ રિઝલ્ટ જાહેર

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબર-૨૦૧૩માં લેવાયેલ ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરીણામની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. જે મુજબ ધોરણ-૧૨ સાયન્સના ત્રીજા સેમેસ્ટરનું પરિણામ આવતીકાલે જાહેર થશે. જ્યારે ધોરણ-૧૧ના સેમેસ્ટર એકનું પરિણામ ૧૨મી ડિસેમ્બર એટલે કે ગુરુવારે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ ઉપરથી સવારે ૯:૩૦ વાગ્યાથી બોર્ડની પરીક્ષાનું પરિણામ જાણી શકશે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર, ઓક્ટોબર-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩ની પરીક્ષા આવતીકાલે જાહેર કરવામાં આવશે.

સુરત પશ્ચિમની બેઠક પર ભાજપનો શાનદાર વિજય

પૂર્ણેશ મોદીને ૮૬૦૨૯ મત મળ્યા : કોંગ્રેસના પટેલને માત્ર ૧૯૭૫૫ મત મળ્યા : ભાજપની છાવણીમાં ખુશી

અમદાવાદ, તા.૦૮

સુરત પશ્ચિમની પેટાચુંટણીમાં આજે ભાજપના પૂર્ણેશ મોદીનો શાનદાર વિજય થયો હતો. આની સાથે જ ભાજપે આ બેઠક જાળવી રાખવામાં સફળતા મેળવી છે. પૂર્ણેશ મોદીને કુલ ૮૬૦૨૯ મત મળ્યા હતા. જ્યારે સામે પક્ષે કોંગ્રેસને ૧૯૭૫૫ મત મળ્યા હતા. પૂર્ણેશ મોદીને ૬૬૩૭૪ મતોથી જીત મળી હતી. જ્યારે આ વખતે નાટોમાં ૨૩૦૭ મતો મળ્યા હતા. રવિવારે સવારથી જ મજૂરાગેટ ઉપર ગાંધી એન્જિનીયરીંગ કોલેજમાં ભારે ઉત્તેજના જોવા મળી હતી. કોંગ્રેસ તરફથી ભાજપના પૂર્ણેશ મોદી સામે ડી એલ પટેલ મેદાનમાં ઉતર્યા હતા.

ચોથી ડિસેમ્બરના દિવસે સુરત પશ્ચિમ બેઠકની પેટાચુંટણી માટે ઊંચુ મતદાન થયું હતું. સુરત પશ્ચિમની પેટાચુંટણીમાં ૫૪ ટકા મતદાન નોંધાયું હતું. ૫૪.૧૬ ટકા મતદાન થયું હતું. સુરત પશ્ચિમની બેઠક પર ભાજપના ધારાસભ્ય કિશોરવાંકાલાલના અવસાનના કારણે પેટાચુંટણી યોજાઈ હતી. આ બેઠક પરંપરાગતરીતે ભાજપની રહી છે. અહીં આ વખતે ભાજપના પુર્ણેશ મોદી અને કોંગ્રેસના ડીએલ પટેલ વચ્ચે સીધી સ્પર્ધા હતી. આ વખતે એક ડઝનથી વધુ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. સુરત પશ્ચિમની આ બેઠક પર ૧.૦૩ લાખ પુરૂષ અને ૯૯ હજાર મહિલાઓ સહિત કુલ ૨.૦૨ લાખથી વધુ મતદારો હતા જે પૈકી ૫૩.૫૦ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કયા હતો. આ બેઠક પર વણીક, કોળી પટેલ, મુસ્લીમ તથા જૈન મતદારો રહેલા છે. ભાજપના પુર્ણેશ મોદી વર્ષ ૨૦૦૧થી ૨૦૦૪ સુધી કોર્પોરેટર રહી ચુક્યા છે. આ ઉપરાંત વિધાનસભા ચુંટણીમાં ભાજપના ઈન્ચાર્જ તરીકે પણ રહી ચુક્યા છે. ૨૦૧૦માં ભાજપના શહેર પ્રમુખ તરીકે નિયુક્ત થયા હતા.

બીજી બાજુ કોંગ્રેસના ઉમેદવાર ડીએલ પટેલ સુરતના ઓલપાડમાં વર્ગ-૨ના સેલ્સ ટેક્સ અધિકારી તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા હતા. તેઓ કોળી પટેલ સમુદાયમાં પ્રભુત્વ ધરાવતા હતા આજે સવારે મતગણતરી શરૂ થયા બાદ ભાજપે શરૂઆતથી જ લીડ મેળવી હતી.

પાલનપુર ખાતેના જિલ્લા ભાજપ કાર્યાલયને ખંભાતી તાળાં

કોંગ્રેસી ગોત્ર ધરાવતા જિલ્લા ભાજપ પ્રમુખની માનસિક્તા જવાબદાર ઠેરવતા કાર્યકરો

પાલનપુર, તા. ૮

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

લોકસભાની સામાન્ય ચૂંટણી પૂર્વેની સેમી ફાઈનલ સમી ચાર રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો કેસરીયો લહેરાયો છે. જેને પગલે દેશભરમાં ભાજપના કાર્યાલયો પર જશ્નનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે પાલનપુર ખાતે જિલ્લા ભાજપ કાર્યાલય પર ખંભાતી તાળાં જોવા મળતા અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે.

એક બાજુ સમગ્ર દેશમાં ભાજપના કાર્યકરો ચાર રાજ્યોમાં ભાજપના થયેલા જવલંત વિજયનો જશ્ન મનાવી રહ્યા છે ત્યારે પાલનપુર ખાતે આવેલા બનાસકાંઠા જિલ્લા ભાજપના કાર્યલય પર ખંભાતી તાળાં જોવા મળ્યા હતા. ભાજપ કાર્યાલય પર વિજયની ખુશી બદલે જાણે હારનો સન્નાટો છવાયેલો હોય તેમ કાગડા ઉડતા હતા. જોકે, આ અંગે પાર્ટી નિષ્ઠ ભાજપના માજી જિલ્લા પ્રમુખ રાણાભાઈ દેસાઈએ ભાજપના કાર્યકરો આબુ રોડ હોવાની સાથે રવિવારની રજા હોઈ કાર્યાલય બંધ હોવાનો લુલો બચાવ કર્યો હતો.

ભાજપના કાર્યકરો આબુ રોડ ખાતે હોવાની જિલ્લા ભાજપના માજી પ્રમુખની સ્પષ્ટતા વચ્ચે એક બાજુ ભાજપના કાર્યકરો પાલનપુરના ગુરુનાનક ચોક ખાતે વિજયોત્સવ મનાવી રહ્યા હતા ત્યારે બીજી બાજુ જિલ્લા ભાજપ કાર્યાલય સુમસામ ભાસતું હતું. જેની પાછળ કોંગ્રેસી ગોત્ર ધરાવતા જિલ્લા ભાજપ પ્રમુખની માનસિક્તા જવાબદાર હોવાનું ખુદ ભાજપી કાર્યકરોમાં ચર્ચાસ્પદ બન્યું હતું.

રણાસણની સીમમાં થયેલ યુવાનની હત્યાનો ભેદ ૭૨ કલાકમાં ઉકેલાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક રણાસણ ગામની સીમમાં ૩ દિવસ અગાઉ થયેલ યુવાનની હત્યાના પ્રકરણમાં પોલીસે માત્ર ૭૨ કલાકમાં જ હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે અને ઉદાહરણરૂપ કામગીરી કરી છે. શુભમની હત્યા પ્રકરણમાં હાલ સંપૂર્ણપણે પડદો ઉંચકાઈ ગયો છે હત્યા પાછળ પ્રેમ પ્રકરણ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. શુભમ ઉર્ફે ગુડ્ડુની હત્યા તેના જ મિત્ર દ્વારા કરાઈ છે તેવી સનસનાટી ખબર બહાર આવી છે. ડભોડા પોલીસે આજે હત્યારાને મધ્યપ્રદેશથી ઝડપી પાડયો હતો. ડભોડા પોલીસ મથક લાવી પુછપરછ હાથ ધરી છે.

ડભોડા પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.બી. વાઘેલાના જણાવ્યા પ્રમાણે ગાંધીનગર રણાસણ ગામ નજીક રીંગ રોડ પર આવેલ ટોલટેક્ષ નાકા અને રલવે ફાટક વચ્ચે વાડમાંથી નાના ચિલોડા ખાતે રહેતા અને કોલેજમાં બી.કોમ.માં અભ્યાસ કરતા શુભમ ઉર્ફે ગુડ્ડુ કુર્મીની કરપીણ હત્યા થયેલ મુતદેહ મળી આવ્યો હતો જે સંદર્ભે હત્યાનો ભેદ ઉકેલવા માટે જિલ્લાની વિવિધ પોલીસ એજન્સીઓ, ડભોડા પોલીસે તપાસ હાથ ધરી હતી. તેમાં આજે પોલીસને ૭૨ કલાકમાં મોટી સફળતા હાથ લાગી છે.

શુભમ ઉર્ફે ગુડ્ડુ કર્મી (રહે. નાના ચિલોડા ગરીબનગર) એક યુવતીના પ્રેમમાં હતો. બંને વચ્ચે ઘણા સમયથી પ્રેમ સંબંધ હતો. જ્યારે શુભમનો એક મિત્ર રાજીવ ઉર્ફે રાજુ નારેન્દ્રપ્રસાદ મિશ્રા (ઉ.વ.૨૪) (રહે. મેમકો અમદાવાદ) શુભમની જ પ્રેમીકાને એકતરફી પ્રેમ કરતો હતો આથી રાજીવે શુભમની અને તેની પ્રેમીકા વચ્ચેના પ્રેમ સંબંધોની બધી હકીકત અંગે છોકરીના પિતાને કહી દીધું હતું. જેની જાણ શુભમને થતા શુભમ અને રાજીવ વચ્ચે બોલાચાલી થઈ હતી આથી ઉશ્કેરાયેલા શુભમે તેના બે મિત્રો નીસાથે મળી આરોપી રાજીવનો ખેલ પાડી દેવા તેને મોતને ઘાટ ઉતારી નાખવા એક પ્લાન બનાવ્યો હતો અને શુભમ સહિત તેના બે મિત્રો ૩ દિવસ અગાઉ મોડી સાંજે રણાસણ ગામની સીમમાં રીંગ રોડ નજીક સર્વિસ રોડ પર પહોંચી ગયા હતા અને શુભમને મોબાઈલ ફોન કરી તેના જ મિત્ર રાજીવને બોલાવ્યો હતો. જેથી થોડી જ વારમાં રાજીવ ત્યાં પહોંચ્યો અને બંને વચ્ચેપ્રેમપ્રકરણ મામલે બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. આથી શુભમે છરી કાઢી રાજીવને મારવાની કોશિશ કરી હતી પરંતુ રાજીવે શુભમના હાથમાંથી છરી ઝુંટવી તેના જ પેટ અને ગળાના ભાગે ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી આથી શુભમની સાથે આવેલા તેના બે મિત્રો ત્યાંથી નાસી છૂટયા હતા. 'શિકારી ખૂદ યહાં શિકાર હો ગયા'નો ઘાટ ઘડાયો હતો. આજે ડભોડા પોલીસે યુવકની હત્યા કરનાર આરોપી રાજીવ ઉર્ફે રાજુ નરેન્દ્રપ્રસાદ મિશ્રાને તેના મૂળ વતન મધ્યપ્રદેશના મજોલી તાલુકાના ગિજવાર ખાતેથી ઝડપી પાડયો હતો.

કંપની સમાચાર

ફેવિકોલ ચેમ્પિયન્સ કલબ શ્રમ દાન દિવસની ઉજવણી કરશે

સુથારીકામ કરતાં લોકો માટેની એક વિશિષ્ટ કલબ એવી ફેવિકોલ ચેમ્પિયન્સ કલબ સળંગ ત્રીજા વર્ષે ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ એક અનોખી પહેલ વડે શ્રમ દાન દિવસની ઉજવણી કરશે. દેશભરના ૧૪૫ કરતાં વધુ સ્થળોએ આવેલી સુવિધાઓથી વંચિત સમુદાયના લોકો માટેની ૩૨૫ કરતા વધુ સંસ્થા/સંગઠનોમાં નવીનીકરણ અને મરામતની કામગીરી હાથ ધરવા માટે દેશભરના આશરે ૨૨,૦૦૦ વૂડવર્કર્સ (કાષ્ઠ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો) એકત્રિત થશે. કન્ઝયુમર અને સ્પેશિયલ્ટી કેમિકલ્સના ક્ષેત્રે બજારમાં મોખરાનું સ્થાન ધરાવતી કંપની તેમજ ફેવિકોલની ઉત્પાદક કંપની પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ મરામતનું કામ હાથ ધરવા માટે જોઈતી સામગ્રી પૂરી પાડીને પોતાનો ટેકો પૂરો પાડ્યો છે.

સુથારીકામ કરનારા લોકો અને તેમના પરિવારો માટે ફેવિકોલ ચેમ્પિયન કલબ કારોબાર વધુ વિસ્તારવા માટેની વ્યક્તિગત અને વ્યવસાયિક આવડત કેળવી શકે તથા તેમાં વૃદ્ધિ કરી શકે તે માટેના એક માધ્યમ તરીકેની ગરજ સારે છે. કલબ સુથારીકામ કરતાં લોકોના પરિવારજનો અને બાળકોને વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક ગતિવિધિઓમાં જોડાવાની સાથોસાથ શોખ વિકસાવવામાં પણ મદદરૂપ થાય છે. ભૂતકાળમાં આ કલબ દ્વારા તાલીમી કાર્યશિબિરો, સ્વવિકાસ કાર્યક્રમો, મેડિકલ કેમ્પ્સ (રકતદાન, પલ્સ પોલિયો, નેત્ર ચકાસણી, આરોગ્ય ચકાસણી વગેરે, ધાર્મિક ઉજવણીઓ (દિવાળી છઠ ઉત્સવ, નવરાત્રી વગેરે), સામાજિક કાર્યક્રમો (સ્વચ્છતા ઝુંબેશ, ગરીબોને આહાર આપવો, વૃક્ષારોપણ વગેરે), બાળ ગતિવિધિ (બાળ મેળો, શિષ્યવૃત્તિ) વગેરે જેવી વિવિધ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

બાવળા : ગમખ્વાર માર્ગ અકસ્માતમાં બેના મોત

અમદાવાદ, તા.૦૮

બાવળામાં અલગ-અલગ માર્ગ અકસ્માતમાં બાળકી સહિત બે લોકોના મોત થયા છે. બાવળામાં હિચકા હોટલ પાસે ૬ વર્ષીય બાળકીને એક ટ્રક ચાલકે અડફેટે લેતા બાળકીનું કરૂણ મોત નિપજ્યું હતું. છ વર્ષીય બાળકી રસ્તો ક્રોસ કરી રહી હતી ત્યારે પૂર ઝડપે હંકારી રહેલ ટ્રક (જીજે-૧૨ ડબલ્યુ ૮૦૬૧)ના ચાલકે બાળકીને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત બાદ ટ્રક ચાલક ટ્રક મૂકીને ફરાર થઈ ગયો હતો. આ અકસ્માત પછી વધુ એક દુર્ઘટના બાવળા-બગોદરા હાઈવે પાસેના ઢેઢાળ ચોકડી પર બની હતી. જ્યાં એક ડમ્પરે (જીજે-૧૩ ડબલ્યુ ૧૮૦૨) મોટર સાઈકલ ચાલકને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં મોટર સાઈકલ પર સવાર મહેમુદભાઈ મીયાજી વોરાનું કરૂણ મોત નિપજ્યું હતું. બાવળા પોલીસે બંને અકસ્માતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે, દિન પ્રતિદિન વધી રહેલા વાહનોની સંખ્યા સાથે અકસ્માતના બનાવોમાં પણ વધારો નોંધાયો છે.

વિજયોત્સવ ઉજવ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એકબીજાને મીઠાઈઓ ખવડાવી શુભેચ્છાઓ પાઠવી વિજયોત્સવ મનાવ્યો હતો. ભાજપ કાર્યાલય પર આજે જાણે કોઈ ઉત્સવ હોય તેવી રીતે વિજયોત્સવ મનાવવામાં આવતો હતો.

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપને ભવ્ય વિજય મળ્યો હતો જ્યારે કોંગ્રેસનો પાંચેય રાજ્યોમાં કારમો પરાજય થવા પામ્યો હતો. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં તો ભાજપે બે તૃતીયાંશ બેઠકો મેળવીને ભવ્ય વિજય મેળવીને કોંગ્રેસના સંપૂર્ણ સુપડા સાફ કરી નાંખતા બંને રાજ્યોમાં કોંગ્રેસમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. ગુજરાતમાં સુરત પશ્ચિમની ખાલી પડેલી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીના આજે જાહેર થયેલા પરીણામોમાં પણ કોંગ્રેસને કારમો પરાજય આપીને ભાજપે ભારે વીજય મેળવ્યો હતો.

કેજરીવાલની ભવ્ય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભ્રષ્ટાચાર અને લોકપાલ મામલે સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અન્ના હજારે સાથે આંદોલન ચલાવનાર અરવિંદ કેજરીવાલે મોડેથી રાજકીય પાર્ટી આમ આદમી પાર્ટીની રચના કરી હતી અને દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં ઉતરવાની જાહેરાત કરી હતી. આમ આદમી પાર્ટીએ કોઈપણ ભ્રષ્ટ નેતાને ટીકિટ આપી નહતી. સાથે-સાથે આમ આદમી પાર્ટીના મુદ્દા તમામ લોકલક્ષી હતા. જેથી લોકોનો વિશ્વાસ આ પાર્ટીમાં અકબંધ થયો હતો. મોટાભાગના રાજકીય નિષ્ણાંતોએ આજે પરિણામ જાહેર થયા બાદ કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ મોટાભાગે કોંગ્રેસના મતો કાપી દીધા છે. બીજી બાજુ કોંગ્રેસના ગઢમાં ગાબડા પાડ્યા છે. શિલા દીક્ષિતના નેતૃત્વમાં દિલ્હીમાં કોંગ્રેસ સરકાર દિલ્હી ગેંગરેપ સહિતના મામલે લોકોની નજરમાં ફ્લોપ સાબિત થઈ હતી. મોંઘવારી સહિતના મુદ્દા તેને નડ્યા છે. બીજી બાજુ આમ આદમી પાર્ટીએ વિજળી સહિતના મુદ્દા ઉઠાવ્યા હતા. આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ પોતે શિલા દીક્ષિત સામે વિધાનસભાની ચુંટણીમાં જીત મેળવવામાં સફળ રહ્યા છે. પ્રથમ વખત ચુંટણી મેદાનમાં ઉતરીને શ્રેષ્ઠ દેખાવ કરનારમાં તેલંગુ દેશમ પાર્ટીનો સમાવેશ થાય છે. આ પાર્ટીએ ૧૯૮૨માં તેની રચના થયા બાદ ૧૯૮૩માં પ્રથમ વખત ચુંટણી લડી હતી. આ પાર્ટીએ પ્રથમ ચુંટણીમાં ૨૯૩ ઉમેદવાર ઉતાર્યા હતા. એનટી રામારાવના નેતૃત્વમાં પાર્ટીએ ૧૯૮ સીટ પર જીત મેળવી હતી.

સુલભ પ્લાનના ભાડામાં ફેરફાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાડુ રૂ. ૭૫ હતુ જેના બદલે હવેથી રૂ. ૯૦ થી રૂ. ૧૪૦ સુધીનો વધારો કરી દેવાયો છે. આ ઉપરાંત રૂરલ જનરલ પ્લાનના ફી કોલ્સ તેમજ અન્ય સેવા પર થતા કોલ્સના દરમાં પણ ફેરફાર કરાયો છે. જેમાં ૭૫ના બદલે હવે ગ્રાહકોને ૫૦ કોલ્સ જ મળશે. જ્યારે ફ્રી કોલચાર્જ બાદ બી.એસ.એન.એલ.થી બી.એસ.એન. કોલ માટે રૂ. ૦.૮૦ના બદલે રૂ. ૧ નો દર વસુલવામાં આવશે. વધુમાં બી.એસ.એન.એલ. લેન્ડલાઈનથી થતા લોકલ અને એસ.ટી. કોલ્સના પલ્સ ડ્યુરેશનમાં ૧૮૦ સેકન્ડ્સના બદલે ૧૨૦ સેકન્ડસ પ્રમાણે ચાર્જ વસુલવામાં આવશે.

શબ્દાવલી - ૫૨૫૧

૧	૨	૩		૪		૫	૬
૭				૮	૯		
		૧૦	૧૧		૧૨		
		૧૩					૧૪
	૧૫						
૧૬		૧૭		૧૮			
૧૯							
૨૦			૨૧				

આડી ચાવી

૧. ઓથમીર જીરૂ, ઊંટીયું જીરૂ (૫)
૫. અંગ્રેજી માસનો છઠ્ઠો મહિનો (૨)
૭. મુસ્લિમો રાજવી (૩)
૮. વાનગી (૪)
૧૦. લુખ્ખી, ધમકી (૨)
૧૨. બીક, ભય (૨)
૧૩. ટીપે ટીપે પડવું (૪)
૧૬. મિજબાની (૩)
૧૮. ઉપકાર કે ગરજને લીધે પરાધીનતા (૪)
૧૯. આંસુથી ભરેલું (૩)
૨૦. 'તત્ત્વ' શબ્દ ઊંધો (૨)
૨૧. ખરાબ ચાલચલન વાળુ (૫)

ઊભી ચાવી

૧. નકાર કરવો, અસ્વીકાર (૪)
૨. એક રૂપિયો પચીસ પૈસા (૨)
૩. સ્વગત બબડવું તે (૪)
૫. એક ધાન્ય (૩)
૬. ખિસ્તીમાં જેમણે વૈરાગ્ય લીધો હોય તેવી સ્ત્રી (૨)
૯. એક સ્વાદ (૩)
૧૧. જ્યોતિષીઓ જોશ જોવા... ખોલે (૩)
૧૪. પ્રેમાળ સ્વભાવવાળું (૩)
૧૫. સંભાળ, પ્રેમથી પાલનાં કરવી તે (૪)
૧૬. દાસ હોવું તે (૩)
૧૭. તળીયું (૨)
૧૮. વારસ (૩)

શબ્દાવલી ૫૨૫૦ના જવાબ

આડી ચાવી :- (૧) અકબંધ (૬) વાડી (૭) જાહોજલાલી (૯) સંગમ (૧૦) ન્યારા (૧૧) સબૂર (૧૩) માસ (૧૪) વારતા (૧૫) હાલા (૧૬) ઓળખાણ (૧૭) ક્માલ (૨૦) લલકાર

ઊભી ચાવી :- (૧) અવાવરૂ (૨) કડી (૩) ધજાગરા (૪) હોજ (૫) ભલીવાર (૮) હોમ (૯) સંન્યાસ (૧૧) સરખામણી (૧૨) બૂતાણ (૧૩) માલામાલ (૧૪) વાળ (૧૫) હાકલ (૧૮) લકા (૧૯) ચાચા

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારમાં જ્યારે કેશુભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી હતા અને કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની સરકાર હતી ત્યારે પણ ગુજરાતના પડતર પ્રશ્નો ઉકેલાઈ શકયા ન હતા. અત્યંત સરળ અને જેની પાછળ એક રૂપિયાનો પણ ખર્ચ થવાનો ન હતો તે અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી કરવાની પ્રપોઝલ ભાજપની સરકારે જ ફગાવી દીધી હતી. દિલ્હી અને ગાંધીનગરમાં એક જ પાર્ટીની સરકાર હોવા છતાં પડતર પ્રશ્નોનો નિકાલ આવતો નથી તે એક હકીકત છે. બીજી તરફ વિરોધી પાર્ટીની સરકારમાં આક્ષેપો કરવાની તક મળી જાય છે.

● **અકસ્માતો રોકવા માટે બેરીકેટ યોગ્ય ઉપાય...**

રાજ્યમાં વધી રહેલા માર્ગ અકસ્માતો રોકવા માટેનો બેસ્ટ ઉપાય રસ્તા ઉપર સલામત અંતરે રાખવામાં આવેલા બેરીકેટ છે તેવું ગૃહ વિભાગના અધિક અગ્રસચિવ ડૉ. એસ.કે. નંદાનું માનવું છે. તેઓ કહે છે કે માર્ગો ઉપર વાહનોની સ્પીડને કન્ટ્રોલ કરવાનુ એકમાત્ર સાધન બેરીકેટ છે. આડશ છે, જેના કારણે પુરપાટ આવતા વાહનો ધીમા પડે છે. હાઈવે ઉપર પણ સ્પીડબ્રેકરોની સાથે બેરીકેટ લગાવવામાં આવે તો હાઈવે અકસ્માતોનું પ્રમાણ ઘટાડી શકાય છે.

ગાંધીનગર એક સફળ ઉદાહરણ છે. બે વર્ષ પહેલાં પાટનગરમાં પ્રતિદિન એક-બે અકસ્માતો થતાં હતા. આજે આ પ્રમાણ ઘટી રહ્યું છે અને તેની પાછળનું મુખ્ય કારણ બેરીકેટ છે. ગાંધીનગરમાં પ્રવેશવાના તમામ માર્ગો ઉપર પોલીસે બેરીકેટ મૂકી દીધાં છે. ટ્રાફિક પોલીસને પણ આ પ્રયાસોથી રાહત થઈ છે. લાંબી સડકો ઉપર વાહનોની સ્પીડને બ્રેક મારવા આ પ્રકારના બેરીકેટ વધુ કામ લાગ્યા છે. એક ટ્રાફિક પોલીસે કહ્યું હતું કે માર્ગની સાઈડે સ્પીડલિમિટના બોર્ડ મુકવાથી કોઈ ફરક પડતો નથી પણ આડશો મૂકવાથી ચોક્કસ સ્પીડ ધીમી પડી જાય છે. આજે શહેરમાં અકસ્માતોનું પ્રમાણ ઘટાડી શકાયું છે.

● **પ્લેસમેન્ટ પોર્ટલ, ચાહો તો ઘણું બધું થઈ શકે....**

ગુજરાતના યુવાનોને રોજગારી જોઈએ છે, પછી તે સરકારી નોકરી હોય કે પ્રાઈવેટ. પ્રત્યેક હાથને કામ આપવું એ સરકારની પ્રાથમિકતા છે. ફરજ પણ છે. રાજ્યમાંથી બેરોજગારી ઘટાડવા સરકારે નોકરી આપવાનું કામ કરવું જ જોઈએ. ઘણીવાર એવું બને છે કે નોકરી ખાલી હોય છે પણ યુવાનોને ખબર હોતી નથી, બીજી તરફ કંપનીને અનુરૂપ માનવબળ ક્યાં છે તે સંચાલકોને ખબર નથી આવા સમયે સરકારે સેતુ બનીને કામ કરવું પડે છે... ગુજરાતના યુવાનોને કમસે કમ હવે એક પોર્ટલ મળી જશે, જે તેમની કારકિર્દી માટે બેસ્ટ ઓફ ધ બેસ્ટ પુરવાર થશે.

રાજ્ય સરકાર જોબ પ્લેસમેન્ટ માટેનું એક નવું પ્લેટફોર્મ ઉભું કરવા જઈ રહી છે. રોજગાર વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે ઓજસ પોર્ટલમાં સરકારી નોકરીમાં ભરતીની જાહેરાત આપવામાં આવે છે પણ તે પુરતું નથી. હવે જોબ પ્લેસમેન્ટનું એક નવું જ પોર્ટલ સરકાર બનાવવા જઈ રહી છે. આ પોર્ટલ પરથી ગુજરાતના યુવાનો પોતાના વિસ્તારમાં નોકરીની તકો ક્યાં ક્યાં ઉપલબ્ધ છે તે જાણી શકશે અને નોકરી મેળવી શકશે. રાજ્યમાં આ પ્રકારનું આયોજન પ્રથમવાર થઈ રહ્યું છે. જો આ પોર્ટલને સમયાંતરે અપડેટ કરવામાં આવશે તો રાજ્યના યુવાનોમાં એક નવી આશા જાગશે અને રોજગારી માટે ભટકવું નહીં પડે...!!

● **મોદીની જેમ અમિત શાહ સેઇફ ઝોનમાં આવી ગયા...**

પોલિટીક્સ પણ પોલિશ્ડ છે. ધારો તેવું ચમકાવી શકાય છે. મુશ્કેલી સામે પડકાર ફેંકો તો જંગ જીતી પણ શકાય છે... કેન્દ્રની યુપીએ સરકાર સીબીઆઈનો દુરપયોગ કરે છે... કોંગ્રેસ સીબીઆઈને ચૂંટણી લડાવશે... સીબીઆઈ ખોટા કેસો કરીને ફસાવી રહી છે... આ પ્રકારના વિધાનો જાહેર સભામાં બોલીને નરેન્દ્ર મોદીએ સીબીઆઈના ઓફિસરોને વિચરાત કરી દીધા છે. હવે સીબીઆઈના ઓફિસરોની હિંમત તૂટતી ગઈ છે. તેઓ ડરે છે કે કેન્દ્રમાં ભાજપની સરકાર આવશે તો આપણી શું દશા કરશે..!!

ગુજરાતમાં સીબીઆઈએ સુપ્રિમના આદેશથી તપાસ ટીમ રચીને ગોધરાકાંડ અને એનકાઉન્ટરના કેસોમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહને ટારગેટ બનાવ્યા હતા. ગોધરાકાંડ તો પૂર્ણ થઈ ચૂક્યો છે. એનકાઉન્ટરના કેસોમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહને ટારગેટ બનાવ્યા હતા. ગોધરાકાંડ તો પૂર્ણ થઈ ચૂક્યો છે, એનકાઉન્ટરના કેસો હજી ઓપન છે. સીબીઆઈ જેવી ભાજપના નેતાઓની નજીક આવે છે. મોદી પ્રહારો કરવાનું શરૂ કરે છે... પરિણામ મળે છે. ઈશરત એનકાઉન્ટર કેસમાં હાલ તો સીબીઆઈએ અમિત શાહનું નામ ડ્રોપ કરવું પડ્યું છે... એવું કહેવાય છે કે લોકસભા-૨૦૧૪ સુધી મોદીની જેમ અમિત શાહ સેઇફ ઝોનમાં આવી રહ્યા છે.

● **મોદી માટે બે ચોઈસ, એક યુપી બીજું ગુજરાત...**

લોકસભાની ચૂંટણી લડવી અને જીતવી એ મોદી માટે કોઈ પ્રશ્ન નથી. ગુજરાતની ૨૬ બેઠકો પૈકી કોઈપણ એક બેઠકમાં તેઓ ઉભા રહે તો પણ આસાનીથી તેઓ ચૂંટણી જીતી શકે છે. કારણ કે આ વખતે તેઓ ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર છે. મોદી માટે એવી અટકળો ચાલી રહી છે કે તેઓ ગાંધીનગર અથવા અમદાવાદની બેઠક પરથી ચૂંટણી લડશે. જો તેમ થાય તો તેઓ લાલકૃષ્ણ અડવાણી અને હરિન પાઠકની સીટ ઉપરથી લડવા ઈચ્છુક છે... બીજી તરફ ઉત્તરપ્રદેશની જવાબદારી સંભાળતા અને મોદીના ખાસ ગણાતા અમિત શાહ યુપીમાં લખનૌ, વારાણસી કે અન્ય કોઈ બેઠકની શોધ ચલાવી રહ્યાં છે...

વડાપ્રધાનના ઉમેદવાર બન્યા છે તો મોદી ચૂંટણી લડશે તેમાં શંકાને સ્થાન નથી. તેમને લોકસભા માટે ઉત્તરપ્રદેશ ઉપરાંત બિહારમાંથી પણ ઓફરો આવી છે... મોદી વાજપેયીની જેમ ઉત્તરપ્રદેશ અને ગુજરાત એમ બે જગ્યાએથી પ્રતિનિધિત્વ કરે તે પણ પોસિબલ છે. મોદી હાલ તો વાજપેયીના પગલે ચાલી રહ્યાં છે તો બેઠક પસંદગીના મામલે પણ તેમની નિતીને અનુસરે તેવી અટકળો પણ તેજ બનેલી છે. વાજપેયી લખનૌ અને ગાંધીનગર એમ બે જગ્યાએથી લોકસભાની ચૂંટણી જીત્યા હતા પરંતુ એ પહેલાં ભાજપના બીજા રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણી દિલ્હી અને ગાંધીનગર એમ બે જગ્યાએથી ચૂંટણી લડ્યા હતા પણ દિલ્હીમાંથી હારી ગયા હતા. અડવાણીને ગાંધીનગરમાંથી ચૂંટણી જીતાડનાર શંકરસિંહ વાઘેલા હતા.

● **કોંગ્રેસમાં બેકારીનો રસ્તો ગાંધીનગરથી દિલ્હી સુધી....**

ગુજરાતમાં નોંધાયેલા બેરોજગારોની સંખ્યા ભલે ૧૦ લાખને ટચ કરતી હોય, ગુજરાત કોંગ્રેસમાં નેતાઓ બેકારીના ખપ્પરમાં હોમાઈ ચૂક્યાં છે. કોંગ્રેસને નવી દિશા, નવી આશા સૂઝતી નથી, કારણ કે પંચાયતથી વિધાનસભાની સફરમાં ભાજપનો દબદબો છે. કોંગ્રેસના ઘસાયેલા નેતાઓ પણ ભાજપમાં પ્રવેશ પામીને ઉજળા દેખાય છે. અરે... તેમનું પરિવર્તન પણ થઈ જાય છે, શબ્દોના ઝેર પી ને આ નેતાઓ ભાજપમાં ખૂણો એટલા માટે પાળે છે કે રખે ને કોઈ જગ્યાએ ખુરશીમાં બેસવાનો ચાન્સ મળી જાય... લોકસભામાં ચૂંટણી આવતા આવતા હજી ઘણાં નેતાઓ દિવાલ ઉપર બેઠેલા છે. જેઓએ ભાજપ તરફ ઠેકડો જ મારવાનો બાકી છે. આ પાર્ટી પરિવર્તનમાં હાલના સંસદસભ્યો આવે તો પણ નવાઈ પામવા જેવું કંઈ નથી...

દિલ્હીમાં કોંગ્રેસની સરકાર છે એટલે ગુજરાત કોંગ્રેસના ભાવળામાં બળ દેખાય છે, પરંતુ જો ૨૦૧૪